13 MAY 1993
શાખા.........
નંબર... ૯૨૯૯૩

સરકારી કર્મચારીની જન્મતારીખ બાબતે
અદાલતી કાર્યવાહી દરમ્યાન કરવી પડતી
કામગીરી અંગે.....

ગુજરાત સરકાર,
નાણાં વિભાગ,

પરિપત્ર ક્રમાંક:નવત-૧૦૯૩-૨૩૯-૫
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૯-૪-૧૯૯૩

પરિપત્ર :-

મુંબઇ મુલ્કી સેવા નિયમોના નિયમ-૧૬૧ થી કરવામાં આવેલ જોગવાઇ મુજબ વર્ગ-૪ ના સરકારી કર્મચારી સિવાયના સરકારી કર્મચારી જે તારીખે તેની ઉંમર ૫૮ વર્ષ પુરી થાય તે તારીખથી તેની વય નિવૃત્તિ ગણવાની રહે છે, તેમ છતાં કેટલાક કિસ્સાઓ સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે સરકારી કર્મચારી નિવૃત્ત થવાની છેલ્લી ઘડીએ પોતાની ખોટી જન્મ તારીખ સરકારી દફતરે નોંધાયાની રજુઆત કરે છે અને જો તેમની રજુઆત માન્ય રાખવામાં ન આવે કે તેમની રજુઆત સ્વીકારાશે નહિ તેવી દહેશત થાય ત્યારે અદાલતમાં દાવો દાખલ કરી, મનાઇ હુકમ મેળવી સેવામાં ચાલુ રહેતા હોય છે. જ્યારે ચોકકસ સમય પુરો થાય ( ખોટી જન્મ તારીખનો સમય પુરો થાય) ત્યારે નામદાર અદાલતનો કોઇ નિર્ણય કે ચુકાદો આવ્યો ન હોય તેમ છતાં સ્વૈચ્છાએ દાવો પાછો ખેંચી લઇ વય નિવૃત્તિ સ્વીકારી લે છે. આમ ખરેખર વય નિવૃત્તિના સમય ઉપરાંત વધારાના સમય ગાળા દરમ્યાન સેવામાં ચાલુ રહી આર્થીક લાભો મેળવે છે. પાછળથી સરકારશ્રીએ ના છૂટકે આ પ્રકારના કેસો નિયમિત કરવા પડતા હોય છે.

આવી બાબતોમાં કેટલીક વાર વહીવટી વિભાગો તરફથી પણ પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. ખરેખર આ પ્રકારના કેસોમાં જ્યારથી

...૨....

એટલે કે સેવા પોથીમાં નોંધાયેલ તારીખ અનુસાર સરકારી કર્મચારી નિવૃત્ત થતા હોય તે તારીખથી નિવૃત્ત કરી જ દેવા જોઇએ અને જો કોઇ અદાલતી પ્રશ્નો ઉપસ્થિત કર્યા હોય તો નિવૃત્તિના હુકમોમાં એવી શરત રાખવી જોઇએ કે અદાલતના ચુકાદાને આધિન નિવૃત્તિ વયની તારીખ ચાલુ રાખવામાં આવે છે અને તે સમયનો પગાર નામદાર અદાલતમાં જમા કરાવવાનો રહેશે. જો નામદાર અદાલતનો ચુકાદો સરકારની તરફેણમાં આવે તો, જમા કરાવેલ તમામ રકમ સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે. કર્મચારીને કોઇપણ પ્રકારનું વેતન આપવામાં આવશે નહિ. તેમજ ખરેખર તેઓ જે તારીખે વય નિવૃત્તિ મેળવતા હતા તે તારીખથી નિવૃત્ત થયેલા ગણાશે. તેમજ ખોટો દાવો રજુ કરવા બદલ અને તે રીતે સરકાર તેમજ નામદાર અદાલતને ગેરમાર્ગે દોરવા બદલ કર્મચારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. અને તે માટે જરુર જણાય તો કાયદા વિભાગનો પરામર્શ પણ મેળવવાનો રહેશે.

આ સિવાય પણ કેટલાક કિસ્સા સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે સરકારી કર્મચારી વય નિવૃત્ત થતો હોવા છતાં તેને નિવૃત્ત કરવામાં આવતો નથી. અથવા તો એફીડેવીટ કરાવેલ જન્મતારીખના આધારે તેની સેવા ચાલુ રાખવામાં આવે છે અને પાછળથી તેની વધારાની સેવા નિયમિત કરવાની રજૂઆતો થતી હોય છે. આ પ્રકારના કોઇપણ કેસો નિયમિત કરવા નહિ કે વધારાની સેવાનું વેતન ચુકવવું નહિ. જો તેમ કરવામાં આવશે તો તેની તમામ જવાબદારી જે તે વિભાગની રહેશે તેમજ કોઇપણ સંજોગોમાં આ પ્રકારના કેસો નિયમિત કરી આપવામાં આવશે નહીં. ઉપરાંત ખોટી એફીડેવીટ રજુ કર્યા બદલ જવાબદાર કર્મચારી સામે ફોજદારી કાર્યવાહી પણ કરવાની રહે છે.

ઉપરોક્ત સૂચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે જે અંગેની તમામ જવાબદારી જે તે વહીવટી વિભાગની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એલ. માનસિંહ
સચિવ,
નાણાં વિભાગ,
ગુજરાત સરકાર.

ક્રમાંક:પરચ-૧૧૯૨-૮૯[illegible]-વ.૨
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨-૫-૧૯૯૩

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે રવાના:

પ્રતિ,

૧. વિભાગની સર્વે શાખાઓ.....

૨. સર્વે ખાતાના વડાઓ

(એસ.એ. કાદરી)
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

'પી'૧૧-૫